# FIRE SAFETY IN THE HOME

# ઘરમાં ફાયર સેફ્ટી આગથી સુરક્ષા (ફાયર સેફ્ટી)

FIRE KILLS
YOU CAN PREVENT IT

GUJARATI




## Did you know...?

- You're four times more likely to die in a fire if you don't have a smoke alarm that works.
- Around half of home fires are caused by cooking accidents.
- Two fires a day are started by candles.
- Every six days someone dies from a fire caused by a cigarette.
- About two fires a day are started by heaters.
- Faulty electrics (appliances, wiring and overloaded sockets) cause around 6,000 fires in the home across the country every year.

## તમને ખબર છે...?

- તમે કામ કરતું ન હોય તેવો સ્મોક એલાર્મ ધરાવતા હો તો આગથી મૃત્યુ થવાની તમારી સંભાવના ચાર ગણી વધી જાય છે.
- ઘરમાં આગની આશરે અડધા ભાગની ઘટનાઓ રસોઇ અકસ્માતના કારણે થાય છે.
- મીણબતીના લીધે પ્રતિ દિવસ આગની બે ઘટના થાય છે.
- સિગારેટથી લાગતી આગના કારણે દર છ દિવસે એક વ્યક્તિ મૃત્યુ પામે છે.
- હીટરોના લીધે પ્રતિ દિવસ આગની બે ઘટના થાય છે.
- સમગ્ર દેશમાં ખામીયુક્ત ઇલેક્ટ્રીક્સના (ઉપકરણો, વાયરીંગ અને ઓવરલોડેડ સોકેટ્સ) કારણે લીધે ઘરોમાં દર વર્ષે આશરે 6,000 આગની ઘટના બને છે.

# PROTECT YOUR HOME WITH SMOKE ALARMS



# સ્મોક એલાર્મ્સથી તમાર ઘરની સુરક્ષા કરો

**The easiest way to protect your home and family from fire is with working smoke alarms.**

**Get them. Install them. Test them. They could save your life.**

**અગ્નિથી તમારા ઘર અને પરીવારને બચાવવાનો સરળ ઉપાય કામ કરતા સ્મોક એલાર્મ્સ છે.**

**તે લઇ આવો. તે લગાવો. તેનું પરીક્ષણ કરો. તમારું જીવન બચાવી શકશે.**



## Choosing your smoke alarms

## તમારા સ્મોક એલાર્મની પસંદગી કરવી

- Fit at least one smoke alarm on every level of your home.
- Smoke alarms are cheap and easy to install.
- They are available from DIY stores, electrical shops and most high street supermarkets.
- There are a variety of different models to choose from. Your local fire and rescue service will be happy to give you advice on which one is best suited for you.
- Ten-year sealed battery smoke alarms are the best option. They are slightly more expensive, but you save on the cost of replacing batteries.
- Look out for one of these symbols, which shows the alarm is approved and safe.

- તમારા ઘરના દરેક માળ પર કમસે કમ એક સ્મોક એલાર્મ ફિટ કરાવો.
- સ્મોક એલાર્મ્સ સસ્તાં અને લગાડવામાં સરળ છે.
- તે DIY સ્ટોર્સ, ઇલેક્ટ્રીકલ દુકાનો અને મોટાભાગની હાઇ સ્ટ્રીટ સુપરમાર્કેટ્સમાં ઉપલબ્ધ હોય છે.
- પસંદગી માટે તેઓ વિવિધ મોડેલ્સની શ્રેણી ધરાવે છે. તમારા માટે કયો સૌથી વધુ યોગ્ય રહેશે તેના વિશે તમારી સ્થાનિક ફાયર અને રેસ્ક્યુ સર્વિસ તમને ખુશીથી સલાહ આપશે.
- દસ-વર્ષની સિલ થયેલ બેટરીયુક્ત સ્મોક એલાર્મ્સ શ્રેષ્ઠ વિકલ્પ છે. તે થોડા વધુ મોંઘા છે, પરંતુ તમે બેટરી બદલાવવાના ખર્ચની બચત કરશો.
- આ ચિહ્નોમાંથી એક માટે જુઓ,, જે દર્શાવે છે કે એલાર્મ માન્ય અને સલામત છે.

**Top tip**
**શ્રેષ્ઠ સૂચના**



**Fit smoke alarms**
**સ્મોક એલાર્મ્સ ફિટ કરાવો**

British Standard Kitemark

LPCB




કામ કરતું સ્મોક એલાર્મ તમારું જીવન બચાવી શકશે

## How to make sure your smoke alarms work

**Test your smoke alarms at least monthly.**

- If any of your smoke alarms have a one year battery, make sure it is changed every year. Only take the battery out when you need to replace it.
- Never disconnect or take the batteries out of your alarm if it goes off by mistake.
- Standard battery operated alarms are the cheapest option, but the batteries need to be replaced every year.
- A lot of people forget to test the batteries, so longer life batteries are better.
- Mains-powered alarms are powered by your home power supply. They need to be installed by a qualified electrician, but like battery alarms, they do require testing.
- Testing smoke alarms tests the smoke sensor as well as the power supply and/or battery.
- You can even have linked alarms installed, so that when one alarm detects a fire they all go off together. This is useful if you live in a large house or over several levels.

Strobe light and vibrating-pad alarms are available for those who are deaf or hard of hearing. Contact the Action on Hearing Loss Information Line on **0808 808 0123** or textphone **0808 808 9000**.

## તમારા સ્મોક એલાર્મ્સ કામ કરે છે તેની કેવી રીતે ખાતરી કરવી

**ઓછામાં ઓછી દર મહિને એક વખત તમારા સ્મોક એલાર્મ્સનું પરીક્ષણ કરો.**


- તમારા સ્મોક એલાર્મ્સમાંથી કોઇ એક વર્ષની બેટરી ધરાવતા હોય તો, ખાતરી કરો કે દર વર્ષે તે બદલવામાં આવતી હોય. બદલાવવાની જરૂર હોય ત્યારે જ બેટરી બહાર કાઢો અને તેને બદલાવો.
- ભૂલથી તે ચાલુ થઈ જાય તો તમારા એલાર્મમાંથી ક્યારેય બેટરીઓ બહાર કાઢશો નહીં અથવા છૂટી કરશો નહીં.
- સ્ટાન્ડર્ડ બેટરી સંચાલિત એલાર્મ્સ એ સસ્તો વિકલ્પ છે, પરંતુ દર વર્ષે બેટરીઓ બદલાવવાની આવશ્યકતા હોય છે.
- ઘણા લોકો બેટરીઓનું પરીક્ષણ કરવાનું ભૂલી જાય છે, આથી લાંબા આયુષ્યવાળી બેટરીઓ સારી છે.
- મુખ્ય-પાવરથી ચાલતાં એલાર્મ્સ તમારા ઘરનાપાવર સપ્લાયથી પાવરયુક્ત હોય છે. અનુભવી ઇલેક્ટ્રીશ્યન દ્વારા તે લગાડવાની આવશ્યકતા છે, પરંતુ બેટરી એલાર્મ્સની જેમ જ, તેમનું પણ પરીક્ષણ કરવાની આવશ્યકતા છે.
- સ્મોક એલાર્મ્સ પરીક્ષણો કરવાથી સ્મોક સેન્સરની (ધુમાડો પકડી પાડતા સેન્સર) સાથે પાવર સપ્લાય અને/ અથવા બેટરીનું પણ પરીક્ષણ થાય છે.
- તમે લગાડેલ એલાર્મ્સ એકબીજા સાથે લિન્ક પણ કરી શકો છો, જેથી જો એક એલાર્મ આગ પકડે કે તેઓ તમામ એકસાથે ચાલુ થઇ જાય. જો તમે મોટા મકાનમાં અથવા અનેક માળના ઘરમાં રહેતા હો તો આ ઉપયોગી છે.

બહેરાં હોય અને સાંભાળવાની ખામી ધરાવતા હોય તેવા લોકો માટે ઝબકારા મારતી લાઇટ અને વાઇબ્રેશન-પેડ એલાર્મ્સ ઉપલબ્ધ છે. એક્શન ઓન હિયરીંગ લોસ ઇન્ફોર્મેશન લાઇનનો અહીં સંપર્ક કરો **0808 808 0123** અથવા અહીં ટેક્સ્ટફોન કરો **0808 808 9000**.

### Top tip
### શ્રેષ્ઠ સૂચના



**Test it**
**તેનું પરીક્ષણ કરો**





## Fitting your smoke alarms


**The ideal position is on the ceiling, in the middle of a room, and on the hallway and landing, so you can hear an alarm throughout your home.**

- Don't put alarms in or near kitchens or bathrooms where smoke or steam can set them off by accident.
- If it is difficult for you to fit smoke alarms yourself contact your local fire and rescue service for help. They'll be happy to install them for you.

## તમારા સ્મોક એલાર્મ્સ ફિટ કરવા

**રૂમની મધ્યમાં છત પર, અને હોલવે અને લેન્ડીંગ પર લગાવવાનું શ્રેષ્ઠ છે, આથી તમારા આખા ઘરમાં તમે એલાર્મ સાંભળી શકશો.**

- ધુમાડો અથવા વરાળને કારણે અકસ્માતથી ચાલુ થઈ જાય તેવા સ્થળે રસોડા કે બાથરૂમની નજીક એલાર્મ્સ લગાડશો નહીં.
- તમારી જાતે સ્મોક એલાર્મ્સ ફિટ કરવાનું મુશ્કેલ હોય તો તમારા સ્થાનિક ફાયર અને રેસ્ક્યુ સર્વિસનો મદદ માટે સંપર્ક કરો. તેઓ ખુશીથી તમારા માટે તે લગાડી આપશે.







## Looking after your smoke alarms

- Make testing your smoke alarms part of your regular household routine.
- Test them by pressing the button until the alarm sounds. If it doesn't sound, you need to replace the battery.
- If a smoke alarm starts to beep on a regular basis, you need to replace the battery immediately.
- If it is a ten year alarm, you will need to replace the whole alarm every ten years.

## તમારા સ્મોક એલાર્મ્સનું ધ્યાન રાખવું

- તમારા નિયમિત ઘરેલું કાર્યના ભાગ તરીકે તમારા સ્મોક એલાર્મ્સનું પરીક્ષણ કરો.
- એલાર્મ વાગે નહીં ત્યાં સુધી બટન દબાવી રાખી તેમનું પરીક્ષણ કરો. જો તે વાગે નહીં તો, તમારે બેટરી બદલાવવાની આવશ્યકતા છે.
- સ્મોક એલાર્મ નિયમિત ધોરણે બીપ વગાડવાનું ચાલુ કરે તો, તમારે તુરંત જ બેટરી બદલાવવાની આવશ્યકતા છે.
- તે દસ વર્ષનો એલાર્મ હોય તો, દર દસ વર્ષે તમારે આખું એલાર્મ બદલાવવાની આવશ્યકતા રહેશે.

## Other equipment you could consider


- Fire blankets are used to put out a fire or wrap a person whose clothes are on fire. They are best kept in the kitchen.
- Fire extinguishers shoot out a jet to help control a fire. They are quick and simple to use, but always read the instructions first.
- Heat alarms can detect fires in kitchens where smoke alarms should not be placed.

## તમે ધ્યાને લઇ શકો તેવા અન્ય સાધનો


- વ્યક્તિના કપડાં પર આગ લાગી હોય ત્યારે તેને વીંટાળવા માટે અથવા આગ બુઝાવવા માટે ફાયર બ્લેન્કેટ્સનો ઉપયોગ થાય છે. તેમને રસોડામાં મૂકી રાખવા સારા છે.
- આગ પર નિયંત્રણ કરવામાં મદદ માટે અગ્નિશામકો ફુંવારો છોડે છે. તે ઉપયોગમાં ઝડપી અને સરળ છે, પરંતુ હંમેશાં પ્રથમ સૂચનાઓ વાંચો.
- રસોડાંમાં હીટ (ગરમી પકડતાં) એલાર્મ્સ અગ્નિ પકડી શકે છે તો ત્યાં સ્મોક એલાર્મ્સ મૂકવા જોઇએ નહીં.



**Test it**
**તેનું પરીક્ષણ કરો**



**Change it**
**તેને બદલાવો**



**Replace it**
**તેને બદલાવો**



# HOW TO PREVENT COMMON FIRES

**IN THE KITCHEN**
**ELECTRICS**
**CIGARETTES**
**CANDLES**

**This section will tell you how you can avoid fires in your home, including how to cook safely and take care with electrics, heaters, candles and cigarettes.**

રસોડામાં સામાન્ય આગ કેવી રીતે અટકાવવી ઇલેક્ટ્રીક્સ સિગારેટ્સ કેન્ડલ્સ

**સલામત રીતે કેમ રસોઇ કરવી અને ઇલેક્ટ્રીક્સ, હિટર્સ, મીણબતીઓ અને સિગારેટ્સની કેમ સંભાળ લેવા સહિત તમારા ઘરમાં આગને તમે કેવી રીતે ટાળી શકશો તે આ વિભાગ તમને જણાવશે.**


# In the kitchen

## Cook safely


**Take extra care if you need to leave the kitchen whilst cooking, take pans off the heat or turn them down to avoid risk.**


- Avoid cooking when under the influence of alcohol.
- Avoid leaving children in the kitchen alone when cooking on the hob. Keep matches and sauce pan handles out of their reach to keep them safe.
- Make sure saucepan handles don't stick out – so they don't get knocked off the stove.
- Take care if you're wearing loose clothing – they can easily catch fire.
- Keep tea towels and cloths away from the cooker and hob.
- Spark devices are safer than matches or lighters to light gas cookers, because they don't have a naked flame.
- Double check the cooker is off when you've finished cooking

**Top tip**
**શ્રેષ્ઠ સૂચના**



**Keep out of reach**
**પહોંચથી દૂર રાખો**





## Take care with electrics

- Keep electrics (leads and appliances) away from water.
- Check toasters are clean and placed away from curtains and kitchen rolls.
- Keep the oven, hob and grill clean and in good working order. A build up of fat and grease can ignite a fire.

**Don't put anything metal in the microwave**

## Deep fat frying

- Take care when cooking with hot oil – it sets alight easily.
- Make sure food is dry before putting it in hot oil so it doesn't splash.
- If the oil starts to smoke – it's too hot. Turn off the heat and leave it to cool.
- Use a thermostat controlled electric deep fat fryer. They can't overheat.

## What to do if a pan catches fire

- Don't take any risks. Turn off the heat if it's safe to do so. Never throw water over it.
- Don't tackle the fire yourself.







# રસોડામાં

## સલામત રીતે રસોઇ કરો

**જો રસોઇ કરતી વખતે તમારે રસોડાની બહાર જવાનું થાય તો વિશેષ કાળજી રાખો, ગરમ પાત્રોને આંચ પરથી ઉતારી લો અથવા જોખમ ટાળવા માટે આંચ ધીમી કરી દો.**

- આલ્કોહોલની અસર હેઠળ હો ત્યારે રસોઇ કરવાનું ટાળો.
- ચૂલા પર રસોઇ કરતા હો ત્યારે રસોડામાં બાળકોને એકલા મૂકવાનું ટાળો. દિવાસળી અને તપેલાંના હેન્ડલ્સને તેમની પહોંચથી દૂર રાખો જેથી તેમને સલામત રાખી શકાય.
- ધ્યાન રાખો કે તપેલાંનાં હેન્ડલ્સ ચૂલાના બહારના ભાગમાં રહેલા ન હોય - આથી તેઓ સ્ટવ પરથી નીચે ન પડી જાય.
- તમે ઢીલાં કપડાં પહેરતા હો તો ધ્યાન રાખો - તેઓ ઝડપથી આગ પકડી શકે છે.
- કુકર અને ચુલાથી ટી ટોવેલ્સ અને કપડાં દૂર રાખો.
- ગેસ કુકર્સ સળગાવવા માટે દિવાસળી અથવા લાઇટર્સ કરતાં તણખો કરતા સાધન સલામત છે, કારણ કે તેઓ ખુલ્લી આગ ધરાવતા નથી.
- તમે રસોઇ કરી લીધી હોય ત્યારે કુકર બંધ છે તેની બે વખત ખાતરી કરો.






## ઇલેક્ટ્રીક્સનું ધ્યાન રાખવું

- પાણીથી ઇલેક્ટ્રીક્સ (વાયરો અને ઉપકરણો) દૂર રાખો.
- ટોસ્ટર્સ સ્વચ્છ હોય અને પડદા અને કિચન રોલ્સથી દૂર મૂકેલ હોય તેની તપાસ કરો.
- ઓવન, ચુલો અને ગ્રીલને સ્વચ્છ અને સારી ચાલુ સ્થિતિમાં રાખો. ચરબી અને ગ્રીસ જમા થવાથી આગ લાગી શકે છે.

**માઇક્રોવેવમાં કોઇપણ ધાતુ મૂકશો નહીં**

## ઊંડા સાધનમાં ચરબીમાં તળવું

- ગરમ તેલ સાથે રસોઇ કરતી વખતે ધ્યાન રાખો - તે સરળતાથી આગ પકડી શકે છે.
- ગરમ તેલમાં મૂકતા પહેલાં ખોરાક સૂકો હોય તેની ખાતરી કરો આથી છાંટા ઉડે નહીં.
- તેલમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થાય તો - તે ખુબ ગરમ છે. આગ બંધ કરો અને તેને ઠંડુ થવા દો.
- થર્મોસ્ટેટ નિયંત્રિત ઇલેક્ટ્રીક ડિપ ફેટ ફ્રાયરનો ઉપયોગ કરો. તે વધુ ગરમ થતુ નથી.

## પાત્રમાં આગ લાગે તો શું કરવું

- કોઇપણ જોખમ લેશો નહીં. આંચ બંધ કરો જો આમ કરવું સલામત હોય. તેના પર પાણી ક્યારેય છાંટશો નહીં.
- તમારી જાતે આગનું સંચાલન કરશો નહીં.



# Electrics

## How to avoid electrical fires


- Always check that you use the right fuse to prevent overheating.
- Make sure an electrical appliance has a British or European safety mark when you buy it.
- Certain appliances, such as washing machines, should have a single plug to themselves, as they are high powered.
- Try and keep to one plug per socket.
- When charging electrical goods, follow the manufacturer's instructions and look for the CE mark that indicates chargers comply with European safety standards.

# ઇલેક્ટ્રીક્સ

## ઇલેક્ટ્રીકલ ફાયર્સને કેવી રીતે ટાળવી

- વધારે પડતો ગરમ ન થઈ જાય તે માટે તમે યોગ્ય ફ્યુઝનો ઉપયોગ કરો તેની હંમેશા તપાસ કરો.
- ઇલેક્ટ્રીલ સાધનની તમે ખરીદી કરો ત્યારે ધ્યાન રાખો કે તે બ્રિટીશ અથવા યુરોપિયન સુરક્ષા ચિહ્ન ધરાવતા હોય.
- વોશીંગ મશીનો જેવા અમુક ઉપકરણો એ જ પ્લગ ધરાવતા હોવા જોઈએ છે, કારણ કે તેઓ હાઇ પાવરયુક્ત હોય છે.
- પ્રતિ સોકેટ એક પ્લગ રાખવાનો પ્રયાસ કરો.
- ઇલેક્ટ્રીકલ સામાન ચાર્જ કરતી વખતે, ઉત્પાદકની સૂચનાનું પાલન કરો અને CE ચિહ્નની તપાસ કરો જે દર્શાવે છે કે ચાર્જર્સ યુરોપિયન સુરક્ષા ધોરણો સાથે સુસંગત છે.


**Top tip**
**શ્રેષ્ઠ સૂચના**



**Don't overload**

**ઓવરલોડ કરશો નહીં**

**5 + 5 + 3 = 13**
**AMP AMP AMP AMP**



## Know the limit!

**An extension lead or adaptor will have a limit to how many amps it can take, so be careful not to overload them to reduce the risk of a fire.**

**Appliances use different amounts of power – a television may use a 3amp plug and a vacuum cleaner a 5amp plug for example.**

## મર્યાદાને જાણો!

**એક્સ્ટેન્શન લીડ અથવા અડેપ્ટર કેટલા amps લઇ શકે તેની મર્યાદા ધરાવતા હશે, આથી તે ઓવરલોડ ન થાય તેની કાળજી રાખો જેથી આગનું જોખમ ઘટાડી શકાય.**

**ઉપકરણો પાવરની વિવિધ માત્રાનો ઉપયોગ કરે છે - ઉદાહરણ તરીકે ટેલીવિઝન 3 amp અને વેક્યુમ ક્લીનર 5 amp પ્લગનો ઉપયોગ કરશે.**



**Keep electrical appliances clean and in good working order to prevent them triggering a fire.**

- Keep your eyes peeled for signs of dangerous or loose wiring such as scorch marks, hot plugs and sockets, fuses that blow or circuit-breakers that trip for no obvious reasons, or flickering lights.
- Check and replace any old cables and leads, especially if they are hidden from view – behind furniture or under carpets and mats.
- Unplugging appliances helps reduce the risk of fire.
- Unplug appliances when you're not using them or when you go to bed.

## Portable heaters

- Try to secure heaters up against a wall to stop them falling over.
- Keep them clear from curtains and furniture and never use them for drying clothes.

## Using an electric blanket

- Store electric blankets flat, rolled up or loosely folded to prevent damaging the internal wiring.
- Unplug blankets before you get into bed, unless it has a thermostat control for safe all-night use.
- Try not to buy second hand blankets and check regularly for wear and tear.
- Always follow the manufacturer's instructions.

## Furniture

- Always ensure that your furniture has the fire-resistant permanent label.




**ઇલેક્ટ્રીકલ ઉપકરણોને સ્વચ્છ અને સારી ચાલુ સ્થિતિમાં રાખો જેથી તેમના કારણે આગ લાગતી અટકાવી શકાય.**

- ઉઝરડા, ગરમ પ્લગ અને સોકેટ્સ, સળગે તેવા ફ્યુઝ અથવા કોઇ દેખીતા કારણ વિના ટ્રીપ થાય તેવા સર્કિટ-બ્રેકર્સ, અથવા લબકઝબક થતી લાઇટ્સ જેવી ભયજનક અથવા ઢીલા વાયરીંગની નિશાની માટે તમારી આંખો ખુલ્લી રાખો.
- કોઇ જૂનાં કેબલ્સ અને છેડા તપાસો અને તે બદલી નાખો, દેખાય નહીં તેવી રીતે હોય - ફર્નિચરની પાછળ અથવા કાર્પેટ્સ અને મેટ્સની હેઠળ હોય.
- ઉપકરણોના પ્લગ કાઢી લેવાથી આગનું જોખમ ઘટાડવામાં મદદ થાય છે.
- ઉપકરણોનો તમે ઉપયોગ કરતા ન હો અથવા તમે સૂવા જાવ ત્યારે તેને પ્લગમાંથી કાઢી લો.

## પોર્ટેબલ હિટર્સ

- હીટરો પડી ન જાય તે માટે તેમને દિવાલને ટેકે સલામત રાખવાનો પ્રયાસ કરો.
- તેને પડદા અને ફર્નિચરથી દૂર રાખો અને કપડાં સૂકાવવા માટે તેમનો ક્યારેય ઉપયોગ કરશો નહીં.

## ઇલેક્ટ્રીક બ્લેન્કેટનો ઉપયોગ કરવો

- ઇલેક્ટ્રીક બ્લેન્કેટ્સને સપાટ, વાળીને અથવા ઢીલી ઘડી કરીને મૂકો જેથી આંતરિક વાયરીંગને નુકશાન થતું અટકાવી શકાય.
- તમે પથારીમાં પડો તે પહેલાં બ્લેન્કેટનો પ્લગ કાઢી લો, સિવાય કે આખી-રાત્રિના સલામત ઉપયોગ માટે તે થર્મોસ્ટેટ નિયંત્રણ ધરાવતો હોય.
- સેકન્ડ હેન્ડ બ્લેન્કેટ્સ બને ત્યાં સુધી ન ખરીદો અને ઘસારા માટે તેની નિયમિત ધોરણે તપાસ કરો.
- હંમેશા ઉત્પાદકની સૂચનાનું પાલન કરો.

## ફર્નિચર

- હંમેશા ખાતરી રાખો કે તમારું ફર્નિચર આગ-પ્રતિરોધી કાયમી લેબલ ધરાવતું હોય.

## Cigarettes

## સિગારેટ્સ

**Stub cigarettes out properly and dispose of them carefully. Put them out. Right out!**

**સિગારેટ્સને યોગ્ય રીતે ઠારો અને તેમનો ધ્યાનપૂર્વક નિકાલ કરો. તેમને ઠારી દો. તદ્દન ઠારી દો!**

- Never smoke in bed.
- Use a proper ashtray – never a wastepaper basket.
- Make sure your ashtray can't tip over and is made of a material that won't burn.
- Don't leave a lit cigarette, cigar or pipe lying around. They can easily fall over and start a fire.
- Take extra care if you smoke when you're tired, taking prescription drugs, or if you've been drinking. You might fall asleep and set your bed or sofa on fire.
- Keep matches and lighters out of children's reach.
- Consider buying child resistant lighters and match boxes.

- પથારીમાં ક્યારેય ધુમ્રપાન કરશો નહીં.
- યોગ્ય એશટ્રેનો ઉપયોગ કરો - કાગળનો કચરો નાંખવાની બાસ્કેટનો ક્યારેય ઉપયોગ કરશો નહીં.
- તમારી એશટ્રે નમી શકે તેવી ન હોય અને બળી જાય તેવી સામગ્રીથી બનેલ ન હોય તેનું ધ્યાન રાખો.
- સિગારેટ, સિગાર અથવા પાઇપને સળગેલ હાલતમાં આજુબાજુ મૂકો નહીં. તે સરળતાથી પડી જઈ શકે છે અને આગ લાગી શકે છે.
- તમે થાકેલ હો, પ્રિસ્ક્રીપ્શન દવા લેતા હો, અથવા તમે પીધેલ હો ત્યારે તમે ધુમ્રપાન કરો તો વિશેષ ધ્યાન રાખો. તમને ઊંઘ આવી શકે છે અને તમારી પથારી અથવા સોફાને આગ લાગી શકે છે.
- દિવાસળી અને લાઇટર્સને બાળકોની પહોંચથી દૂર રાખો.
- બાળકો ચલાવી ન શકે તેવાંલાઇટર્સ અને મેચ બોક્સ ખરીદવાનું વિચારો.

**Top tip**
**શ્રેષ્ઠ સૂચના**







**Put them out. Right out!**

**તેમને ઠારી દો. તદ્દન ઠારી દો!**

**Matchboxes now carry this warning label**




**હવે મેચબોક્સીસ આ ચેતવણી લેબલ ધરાવે છે**



## Candles

## મીણબત્તીઓ


**Make sure candles are secured in a proper holder and away from materials that may catch fire – like curtains.**

**મીણબત્તીઓ યોગ્ય હોલ્ડરમાં સલામત હોય અને પડદાં જેવી - સળગી ઉઠે તેવી સામગ્રીથી દૂર હોય તેનું ધ્યાન રાખો.**

- Put candles out when you leave the room, and make sure they're put out completely at night.
- Children shouldn't be left alone with lit candles.
- Keep pets away from lit candles.

- તમે રૂમ છોડો ત્યારે મીણબત્તીને ઠારી દો, અને રાત્રે તે સંપૂર્ણ રીતે ઠરી જાય તેની ખાતરી કરો.
- સળગતી મીણબત્તી સાથે બાળકોને એકલા મૂકવા જોઇએ નહીં.
- સળગતી મીણબત્તીથી પાલતુ પ્રાણીને દૂર રાખો.

**Top tip**
**શ્રેષ્ઠ સૂચના**





**Be careful with candles**

**મીણબત્તીઓનું ધ્યાન રાખો**



# PLAN A SAFE ESCAPE

# બહાર નીકળવાના એક સલામત માર્ગનું આયોજન કરો

**Fitting smoke alarms is the first crucial step to protecting yourself from fire. But what would you do if one went off during the night?**

**This section will help you make a plan ready for an emergency.**

**આગથી તમારી જાતનું રક્ષણ કરવા માટે સ્મોક એલાર્મ્સ ફિટ કરવા એ સૌપ્રથમ નિર્ણાયક પગલું છે. પરંતુ રાત્રિ દરમિયાન તે ચાલુ થઈ જાય થાય તો તમે શું કરશો?**

**ઇમરજન્સી માટે તૈયાર થવાનું આયોજન કરવામાં આ વિભાગ તમને મદદ કરશે.**




## Be prepared by making a plan of escape

- Plan an escape route and make sure everyone knows how to escape.
- Make sure exits are kept clear.
- The best route is the normal way in and out of your home.
- Think of a second route in case the first one is blocked.
- Take a few minutes to practise your escape plan.
- Review your plan if the layout of your home changes.

## બહાર નીકળવાનો પ્લાન બનાવીને તૈયાર રહો

- બહાર નીકળવાના માર્ગનું આયોજન કરો અને કેવી રીતે બહાર નીકળી જવું તેની સૌને જાણ હોય તેની ખાતરી કરો.
- બહાર નીકળવાના માર્ગોને ખુલ્લાં રાખવામાં આવે તેની ખાતરી કરો.
- શ્રેષ્ઠ માર્ગ તમારા ઘરમાં પ્રવેશવાનો અને બહાર નિકળવાનો સામાન્ય માર્ગ છે.
- પ્રથમ માર્ગ બંધ થઈ ગયો હોય તો બીજા માર્ગ માટે વિચારો.
- તમારા બહાર નીકળવાના આયોજનની પ્રેક્ટીસ કરવા માટે થોડી મીનીટો ફાળવો.
- તમારા ઘરના નકશામાં ફેરફાર થાય તો તમારા આયોજનની ફરીથી વિચારણા કરો.




**Keep door and window keys where everyone can find them**

**દરવાજા અને બારીની ચાવીઓ બધાં શોધી શકે તેવી જગ્યાએ મૂકો**

### Top tip
### શ્રેષ્ઠ સૂચના





**Plan an escape route**

**બહાર નીકળવાના માર્ગનું આયોજન કરો**

## What to do if there is a fire

## આગ લાગે તો શું કરવું

**Don't tackle fires yourself. Leave it to the professionals.**

**તમારી જાતે આગનો સામનો કરશો નહીં. તે વ્યાવસાયિકો પર છોડી દો.**

- Keep calm and act quickly, get everyone out as soon as possible.
- Don't waste time investigating what's happened or rescuing valuables.
- If there's smoke, keep low where the air is clearer.
- Before you open a door check if it's warm. If it is, don't open it – fire is on the other side.
- Call 999 as soon as you're clear of the building. 999 calls are free.

- શાંત રહો અને ઝડપથી કામ કરો, શક્ય તેટલી વહેલી તકે દરેકને બહાર કાઢો.
- શું થયું તેની તપાસ કરવામાં અને કિમંતી વસ્તુઓ બચાવવામાં સમય વેડફશો નહીં.
- ધુમાડો હોય તો, નીચા નમો જ્યાં હવા શુદ્ધ હોય છે.
- તમે દરવાજો ખોલો તે પહેલાં તે ગરમ છે કે કેમ તે તપાસો. જો તે ગરમ હોય તો તેને ખોલશો નહીં - સામેની બાજુ આગ છે.
- તમે બિલ્ડીંગની બહાર આવો કે તુરંત જ 999 ને કોલ કરો. 999 કોલ્સ મફત છે.

**Top tip**
**શ્રેષ્ઠ સૂચના**




**Get out, stay out and call 999**

**બહાર નીકળી જાવ, બહાર જ રહો અને 999 ને કોલ કરો**

## What to do if your escape is blocked


## તમારો બહાર નીકળવાનો માર્ગ બ્લોક થયેલ હોય તો શું કરવું

**If you can't get out, get everyone into one room, ideally with a window and a phone.**

**જો તમે બહાર નીકળી ન શકો તો, એક રૂમમાં બધાંને ભેગા કરો, જેમાં બારી અને ફોન હોય.**

- Put bedding around the bottom of the door to block out the smoke.
- Call 999 then open the window and shout "HELP FIRE".
- If you're on the ground or first floor, you may be able to escape through a window.
- Use bedding to cushion your fall and lower yourself down carefully. Don't jump.
- If you can't open the window break the glass in the bottom corner. Make jagged edges safe with a towel or blanket.

- દરવાજાના નીચેના ભાગે કપડાં ભરાવો જેથી ધુમાડો આવતો અટકાવી શકાય.
- 999 ને કોલ કરો પછી બારી ખોલો અને બૂમો પાડો "હેલ્પ ફાયર".
- જો તમે પ્રથમ અથવા નીચેના માળ પર હો તો, કદાચ બારીમાંથી બહાર નીકળી શકશો.
- તમારા પડવામાં રાહત માટે પથારીનો ઉપયોગ કરો અને ધ્યાનપૂર્વક નીચા નમીને બહાર નીકળો. કૂદકો મારશો નહીં.
- તમે બારી ખોલી ન શકો તો ખુણાના નીચેના ભાગેથી કાચ તોડો. ટુવાલ અથવા બ્લેન્કેટથી ધારદાર કિનારીઓ સલામત કરો.



## What to do if your clothes catch fire

## તમારા કપડામાં આગ લાગે તો શું કરવું

- Don't run around, you'll make the flames worse.
- Lie down and roll around. It makes it harder for the fire to spread.
- Smother the flames with a heavy material, like a coat or blanket.
- Remember, Stop, Drop and Roll!


- આજુબાજુ દોડશો નહીં, તમે જ્વાળાને વધુ ભયજનક બનાવશો.
- નીચે સૂઇ જાવ અને આળોટવા માંડો. આથી આગ ફેલાવવામાં મુશ્કેલી થાય છે.
- ભારે સામગ્રી, જેમ કે કોટ અથવા બ્લેન્કેટથી જ્વાળાને હળવી કરો.
- યાદ રાખો, થોભો, નીચે પડો અને આળોટો!



**STOP!**
**થોભો!**



**DROP!**
**નીચે પડો!**



**ROLL!**
**આળોટો!**



## How to escape from a high level building


## બહુમાળી બિલ્ડીંગમાંથી કેવી રીતે નીકળવું

- As with all buildings, you should plan and practise an escape route.
- Avoid using lifts and balconies if there is a fire.
- It is easy to get confused in smoke, so count how many doors you need to go through to reach the stairs.
- Check there is nothing in the corridors or stairways that could catch fire – like boxes or rubbish.
- Make sure doors to stairways are not locked.
- Make sure everyone in the building knows where the fire alarms are.
- You should still get a smoke alarm for your own home, even if there is a warning system in the block.

- તમામ બિલ્ડીંગો સાથે, તમારે બહાર નીકળવાના માર્ગનું આયોજન અને પ્રેક્ટીસ કરવી જોઇએ.
- આગ લાગી હોય તો લીફ્ટ અને બાલ્કનીનો ઉપયોગ ટાળો.
- ધુમાડામાં ગભરાઇ જવું સામાન્ય છે, આથી સીડી સુધી પહોંચવા માટે તમારે કેટલા દરવાજામાંથી પસાર થવાનું છે તે ગણી રાખો.
- પરસાળ અને દાદરા પર આગ પકડી શકે તેવું કંઇ નથી તેની તપાસ કરો - જેમ કે ખોખાં અથવા કચરો.
- સીડીમાર્ગના દરવાજા પર તાળાં મારેલ ન હોય તેની ખાતરી કરો.
- ફાયર એલાર્મ્સ ક્યાં છે તેની બિલ્ડીંગમાં તમામને ખબર હોય તેની ખાતરી કરો.
- બ્લોકમાં ચેતવણી આપતી સિસ્ટમ હોય તો પણ, તમારા પોતાના ઘરમાં પણ તમારે સ્મોક એલાર્મ લગાડવો જોઇએ.



સાફ રાખો



# MAKE A BEDTIME CHECK

# સૂતી વખતે તપાસ કરો

**You are more at risk from a fire when asleep. So it's a good idea to check your home before you go to bed.**

**ઊંઘમાં હો ત્યારે તમે તમારી પર આગનું જોખમ વધુ છે. આથી તમે સૂવા જાવ તે પહેલાં તમારા ઘરની તપાસ કરવી એ સારો વિચાર છે.**






## Check list

- Close inside doors at night to stop a fire from spreading. ☐
- Turn off and unplug electrical appliances unless they are designed to be left on – like your freezer. ☐
- Check your cooker is turned off. ☐
- Don't leave the washing machine on. ☐
- Turn heaters off and put up fireguards. ☐
- Put candles and cigarettes out properly. ☐
- Make sure exits are kept clear. ☐
- Keep door and window keys where everyone can find them. ☐

## સૂચિ તપાસો


- અંદરના દરવાજા રાત્રિના બંધ કરો જેથી આગને ફેલાતી અટકાવી શકાય. ☐
- ઇલેક્ટ્રીકલ ઉપકરણો બંધ કરો અને પ્લગ કાઢી લો સિવાય કે તે ચાલુ રાખવા માટે બનાવવામાં આવ્યાં હોય - જેમ કે તમારું ફ્રિઝર. ☐
- તમારું કુકર બંધ હોય તેની ખાતરી કરો. ☐
- વોશીંગ મશીનને ચાલુ સ્થિતિમાં મૂકશો નહીં. ☐
- હિટર્સ બંધ કરો અને ફાયરગાર્ડ્ઝ મૂકો. ☐
- મીણબત્તી અને સિગારેટ્સને યોગ્ય રીતે બુઝાવી દો. ☐
- બહાર નીકળવાના માર્ગોને અડચણોમુક્ત રાખવામાં આવે તેની ખાતરી કરો. ☐
- દરવાજાં અને બારીની ચાવીઓ બધાં શોધી શકે તેવી જગ્યાએ મૂકો. ☐

### Top tip
### શ્રેષ્ઠ સૂચના




**Close inside doors at night**

**રાત્રિના દરવાજા અંદરથી બંધ કરો**



# SMOKE ALARMS SAVE LIVES

## સ્મોક એલાર્મ્સ જીવન બચાવે છે

In the event of a fire, get out, stay out and call 999. For further fire safety information contact your local fire and rescue service (not 999). Or visit www.facebook.com/firekills

©Crown Copyright 2017

Published by the Home Office, June 2017

Version 3

આગ લાગે તો બહાર નીકળી જાવ, બહાર જ રહો અને 999 ને કોલ કરો. આગથી સુરક્ષા વિશે વધુ માહિતી માટે તમારી સ્થાનિક ફાયર અને રેસ્ક્યુ સેવાનો સંપર્ક કરો (999 નહીં). અથવા અહીં મુલાકાત લો www.facebook.com/firekills

© ક્રાઉન કોપીરાઇટ 2017.

પ્રકાશક ધી હોમ ઓફીસ, જુન 2017.

આવૃત્તિ - 3